માર્ચ-૨૦૧૩
અંક - ૩

GMDC
FUELLING THE GROWTH





# અરુણોદય

સંપાદકીય બોર્ડ

- એચ.ડી.પઢેરીયા
- એ.આર.ડાભી
- વી.જી.રાઠોડ
- ડૉ.યુ.એમ.ભટ્ટ
- એમ.એમ.ઠક્કર




## અનુક્રમણિકા

— સમયનું મહત્વ અને આયોજન
— THOUGHTS
— ભાવના પ્રકાર
— SMART PEOPLE
— માનવી હું માનવ થાઉં તોય ઘણું ...
— અન્નપૂર્ણા દેવી
— વિજ્ઞાન અને કળાઓ સમન્વય એટલે સંચાલન
— સુરક્ષા અને જીવન એક બીજાથી અભિન્ન
— સારા નાગરીક
— શિક્ષક ની સાર્થકતા
— ફેબ્રુઆરી માસમાં નિવૃત્ત થતા કર્મચારી



# સમયનું મહત્વ અને આયોજન



એસ.જે. મહેતા
ઇ. આચાર્ય

ભગવાને સૌને એક બાબતમાં સરખી વહેંચણી કરી છે અને તે વહેંચણી છે સમયની વ્યકિત ગમે તે હોય તેને સવાર પડતાંની સાથે જ ઇશ્વર તરફથી ૨૪ કલાક મળી જાય છે. પછી તેને કેવી રીતે વાપરવી અને સફળતા કે નિષ્ફળતામાં પરિવર્તિત કરવી તે આપણા હાથમાં છે અને માટે જ આજ સમય વ્યવસ્થાપનની બોલબાલા વધી રહી છે. જે સમયને કરકસરથી,યોજનાપૂ ર્વક ખર્ચે છે તે જ જીવનમાં સંતોષ અને સફળતા મેળવી શકે છે. જીવનમાં સમયનું પ્રમાણ મર્યાદિત છે અને તેથી જ સમયની બચત એ શકિતની કે જીવનની બચત છે.

## સમય એટલે શું ?

જ્યારે ઘડિયાળ ન હતી ત્યારે ભરતીને સમય સાથે સાંકળવામાં આવતી હતી "TIME" અને 'TIDE' બંન્નેના મૂળમાં 'TI' શબ્દ છે. જેનો અર્થ છે વિભાગીકરણ કરવું કે વહેચવું આમ સમયનાસેકન્ડ,મિનિટ,કલાક,દિવસ,રાત,અઠવાડિયું,માસ વગેરે વિભાગો પાડવામાં આવ્યા છે. આમ તો રિસેસ,રજા,કામના કલાકો,ઓવરટાઇમ એ રોજગારી ક્ષેત્રે સમયના પાડાવામાં આવેલા ભગો જ છે. શૈશવ,યૌવન અને વૃધ્ધાવસ્થા પણ સમયના વિવિધ સ્વરૂપો જ છે.

## સમયનું મહત્વ-

સમયની મૂડી બધા જ પાસે સરખી હોય છેપણ તે ખર્ચવામાં તફાવત છે. તોફાનીઓ માટે વર્તમાનસમય એ સુખદ ભવિષ્યનો પાયો છે.જ્યારે આળસુ માટે એ ભવિષ્યની કબર છે સમય તો કાચુ સોનુ છે જેનો સંગ્રહ શકય નથી તેનો આ જ ક્ષણે ઉપયોગ કરી લેવો જોઇએ.

કેટલાક માણસો પાસે પુષ્કળ સમય હોય છે તેમને સમય કેવી રીતે પસાર કરવો તે એક મોટો પ્રશ્ન હોય છે. જ્યારે કેટલાક માણસો હંમેશા સમય પાછળ દોડયા કરે છે. તેમની પાસે ફુરસદ હોતી જ નથી. આમ ઉપરના બંન્ને પ્રકારના માણસો સમયનું આયોજન કરી શકતા નથી અને સમયનું મહત્વ સમજી શકતા નથી. તેઓ દરેક પ્રવૃતિ યંત્રના ધોરણે કે ઘાંચીના બળદની જેમ કરે છે તેઓ ગતિ તો કરી શકે છે પણ પ્રગતિ કરી શકતા નથી.. જો આપણે સફળ થવું હોય કે કાંઇ કરી દેખાવડું હોય તો સમયનું મહત્વ સમજવું જોઇએદિવસ કે રાત જોયા વગર મંઝિલ પર જ ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ હાલના સમયમાં મોટાથી માંડીને નાના વ્યકિત કોઇ પણને સમયનું મૂલ્ય સમજાતું નથીહાલમાં જરૂરી ન હોય તો પણ લોકો મોબાઇલ,ટી.વી., અને કોમ્પ્યુટર પાછળ પુષ્કળ સમય બગાડે છે અને તેના કારણે આંતરિક ઝગડાઓ થાય છે જે ભવિષ્ય માટે ખુબ જ ખરાબ પરીણામ ઉભું કરી શકે છે. એક દિવસ એવો આવશે કે સમય તેમનાથી ખુબજ આગળ નીકળી ગયો હશે

## સમયનું વ્યવસ્થાપન-

નવરા અને આળસુ માણસને કહીએ કે મારે તમારી જોડે થોડી વાત કરવી છે તમને કયારે સમય હશે ત્યારે તે વ્યકિત કહે છે હાલ મારી પાસે સમય નથી. જેને સમયની પરવા જ નથી તેની પાસે સમય પણ નથી હકીકતમાં સમય તો દરેકની પાસે હોય જ છે, પરંતુ વ્યવસ્થિત આયોજન કરવાની જરૂર હોય છે. સમયના વ્યવસ્થિત ઉપયોગ કરવા માટે સમયપત્રક બનાવવું જોઇએ દા.ત. દિવસના મહત્વના કામ માટે વધુ સમય આપવો અને ડાયરીમાં નોંધ કરવી કાર્યયાદી તૈયાર કરી કામનો અગ્રતાક્રમ નક્કી કરવો. કોઇની મદદ લેવી.

ક્યારેક 'ના' નો સહકાર લેવો જેથી કામમાં વિલંબ ન થાય કોઇની રાહ જોતી વખતે વાંચન-લેખન જો હોય તો કરી લેવું. સમયના સદઉપયોગ માટે કામની અગત્યતાને ધ્યાને રાખી ચાર વિભાગમાં વહેંચી શકાય.

(૧) Very Very Urgent & most important (૨) Not Urgent but very important

(3) Very Very Urgent but not important (૪) Not Urgent - Not important

ઘણા કામ એવા હોય છે કે જે ઉતાવળના હોતા નથી પણ ખૂબ જ અગત્યના હોય છે દાત. અંગ્રેજી કે કમ્પ્યુટર શીખવું કારણ કે ભવિષ્યમાં તેની જરૂર પડવાની છે સમયને આયોજિત કરતા પહેલા એ જાણવું જરૂરી છે કે આપણે આપણો ઝાઝો સમય શેમાં બગાડીએ છીએ માટે જ સમયના આયોજનનો અભાવ પણ નિષ્ફળતાનું આયોજન છે

## ઉપસંહાર -

આમ. આજના યુગમાં તમે જો આવતીકાલનું કામ આજે પતાવશો તો જ આગળ વધી શકશો આમ સમયને બચાવવો એ તો મહત્વનું છે .પણ બચાવેલા સમયનું આયોજન કરવું તે સૌથી મહત્વનું છે એક પળની કિંમત સમજે છે તે જ ખરો પુરૂષાર્થી છે અને જે પુરૂષાર્થી છેતે જ ભાગ્યને બદલી શકે છે.

ભગવાન મહાવીરસ્વામીનો ઉપદેશ છે કે "માનવ ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહી , પ્રત્યેક ક્ષણે તું જાગ્રત રહેતો જા! કેમ કે આવી ક્ષણો ફરી પાછી હાથ લાગવાની નથી.

**સમય સમય બલવાન, નહિ મનુષ્ય બલવાન**
**કાબે અર્જુન લુટયો વહી ધનુષ્ય વહી બાણ .**

### THOUGHTS

**1. Woman Education**
You educate a man,
you educate a man,
you educate a woman
you educate a generation

**2. Everything is.......**
Everythings is easy
When you are busy
But nothing is easy
When you are lazy.

**3. God is ....**
God is not work for you
But
God is work with you.



બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

## ખાવાના પ્રકાર

| | |
|---|---|
| કોઈ ઉધરસ ખાય | કોઈ સમ ખાય |
| કોઈ બગાસુ ખાય | કોઈ છીંક ખાય |
| કોઈ હવા ખાય | કોઈ હીચકા ખાય |
| કોઈ ખાર ખાય | કોઈ ગુલાટ ખાય |
| કોઈ માર ખાય | કોઈ ગોથુ ખાય |
| કોઈ પૈસા ખાય | કોઈ થાક ખાય |
| કોઈ જીવ ખાય | કોઈ મગજ ખાય |
| કોઈ ભાવ ખાય | કોઈ માથુ ખાય |
| કોઈ માન ખાય | કોઈ ગાળ ખાય |
| કોઈ ચાડી ખાય | કોઈ ન ખાવાનુ ખાય<br>ખાવાનુ હોય તે ન ખાય |

મિત્રો , પણ એક વાત છે કે જે

જો એક વાર ગમ ખાઈ જાય ને ભાઈ તો તો બેડો થઇ જાય પાર હો ભાઈ

ગમ ખાય તે બધા ને ગમે.....

People in this world are so smart. They change their attitude in changed situation. During our happy time and till we are useful for them they like our company and try to flatter us. But no one like his\her company in bad time. When one can not fulfill want of people they do not like his\her company. For one mistake people throw stones of ignominy on us. Once their favorite person now becomes their enemy. But this is the tend of cunning people not repay of God. If we are right then we should keep faith in God because God will repay truly. After taking inspiration from Robert Browning's poem `The Patriot' I have written this poem.

## SMART PEOPLE




Chanchu Rekhaben J.
Secondary teacher Eng.med.


It was sweet sweet all the day,
With sweet words they tried me happy.
The people seemed to wait for me and talk to me,
I was very sweet for them.
Some years ago this very days!
The air broke into a mist
The old atmosphere changed now.
It was wrong from my side to trust all.
I trusted them who were cunning.
Now I understood what was behind curtain.
Alack! It was I who always tried my best
To see my loving friends happy,
And you see my harvest, what I reap.
There' nobody to see at me and talk with me.
Just they ready to blame me.
They throw stones of ignominy to me.
Thus I entered and thus I go.
This is paid by the world but I feel
I am at the safe side because
I trust God, `Thus God shall repay'
I am safer so.



## માનવી હું માનવ થાઉં તોય ઘણું...


રીટાબેન એસ.મહેતા
પ્રાથમિક શિક્ષક


એક વખત એક શિક્ષકે એક બાળકને પ્રશ્ન કર્યો કે બેટા તું ભણીગણી મોટો થઈને શું બનીશ? અને આ બાળકે તેના શિક્ષકને જવાબ આપેલો કે સાહેબ મને માફ કરજો. ડોક્ટર, વકીલ, એન્જિનિયર થવું એ તો મારા નસીબ ની વાત છે પરંતુ સૌ પ્રથમ હું માણસ બનું ને? તેવા આપ મને આશીર્વાદ આપો અને આ બાળકના આવા શબ્દો સાંભળીને સાહેબની આંખમાં ઝળઝળિયાં આવી ગયા.

સાહેબ ગળગળા થઇ આ બાળકના માથા પર હાથ મૂકી કહ્યું: બેટા તારી વાત ખરી છે. માણસ આખી (જિંદગી) દુનિયાને ઓળખે છે પરંતુ એવો માણસ શોધ્યો જડતો નથી કે તે ખરેખર પોતાની જાતને ઓળખી શકતો હોય. માણસ આલીશાન બંગલો બાંધી દે છે પણ તેમાં બારીઓ મુકવાનું ભૂલી જાય છેપછી પોતેજ ગૂંગળાયા કરે છે અને એક વખત મોટો થઈને આ બાળક દેશનો એક શ્રેષ્ઠ નાગરિક બન્યો. મિત્રો ....એ બાળકનું નામ મહાન બનાર્ડ શૉ બનાર્ડ શૉને કોઈએ પૂછ્યું કે તમે આટલા સસ વિચારો કેવી રીતે રજુ કરી શકો છો? ત્યારે તેમણે જવાબ આપ્યો કે ભાઈ!! મોટા ભાગના લોકો પોતાની જાત માટે બહુ ઓછું વિચારતા હોય છે. જ્યારે ભાઈ હું સવારે ઉઠીને પ્રથમ હું મારી જાત નો વિચાર કરું છું કે હું ક્યાં છું જે પોતાની જાતને પ્રેમ નથી કરી શકતા તે બીજાને ક્યારેય પ્રેમ નથી કરી શકતા.

મિત્રો, એટલે તો કહ્યું છે ને? હું માનવી માનવ બનું તો એ ઘણું... તો તમે પણ ખરા અર્થમાં માણસ બનજો.



# અન્નપૂર્ણા દેવી



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

યા દેવી સર્વભૂ તેષુ શક્તિ રૂપેણ સંસ્થિતા ।
નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ।।

આ સૃષ્ટિમાં સર્જનમાં શક્તિ કે સ્થાને છે. શક્તિ વગર કશું શક્ય નથી. જીવના જીવનનાં ઉદ્-ભવમાં અને વિકાસમાં પણ શક્તિ અનિવાર્ય છે.

રોજ બરોજનાં જીવનમાં પ્રાણને ટકાવવાની આધારરૂપ શક્તિ અન્ન છે. અ સમા પ્રાણ છે. આ અંગે ઉપનિષદમાં કથા છે. શ્વેતકેતુ પિતાશ્રી ઉદ્દાલક મૂનિ પાસે અન્નથી મન કઇ રીતે કાર્ય કરી શકે. તે અંગે શંકા વ્યક્ત કરે છે. ઉદ્દાલક મુનિ શ્વેતકેતુ ને પંદર દિવસ ભૂખ્યા રહેવાનું કહે છે. શ્વેતકેતુ પંદર દિવસ બાદ પુન ઉદ્દાલક મુનિ સમક્ષ ઉપસ્થિત થાય છે. ઉદ્દાલક મુનિ શ્વેતકેતુ ને કહે છે કએ તુ ઋક , સામા કે યજુની કોઇપણ વાત અથવાતો મંત્ર બોલ. શ્વેતકેતુ ને કશું જ યાદ આવતું નથી. ઉદ્દાલક મુનિ તેને અન્ન ગ્રહણ કરી આવવાનું કહે છે. અ ગ્રહણ કર્યા પછી શ્વેતકેતુ ની બુધ્ધિ શક્તિ કાર્ય કરેતી થાયા છે અને તેને બધું જ યાદ આવે છે.

અન્નનું મુલ્ય અધિક ન હોવા છતાં અમૂલ્યછે. આ અન્ન દ્વારા શારીરિક , માનસિક, બૌદ્ધિક શક્તિ પ્રાપ્ત થાય છે. અનનો વિવેકપૂર્ણ ઉપયોગ જીવન ટકાવવાની શક્તિ બક્ષે છે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને પણ અતિ આહરી કે નિરાહારને યોગમાં ધ્યાન લાગતું નથી તેમ કહ્યું છે.

અન્નનો બગાડ એટલે શક્તિનો બગાડ , અન્ન નું વેડફવું તે પાપ કહેવાય છે. અનનો કરકસર પૂર્ણ ઉપયોગ કરી અન્ન બચાવીને અન્યને દાનરૂપે આપવાથી તેના જીવનને ટકાવવાનું કાર્ય આ અન્ન કરી શકે છે. કલિયુગમાં અન્નદાન મહાદાન છે.

ભોજન લેતા પહેલા અન્નપૂર્ણા દેવીનું આહવાન કરવું અનિવાર્ય છે. ભોજન પૂર્ણથયા બાદ પણ થાળીમાં અજીઠું રહેવા ન દેવું અને અન્નપૂર્ણાદેવી છે તેથી થાળીને નમસ્કાર કરવા જરૂરી છે.

કુદરતે આપેલી મહામૂલીભેટ અન્ન છે. પોતાની મહત્તા બતાવવા થતાં પ્રસંગોમાં અન્નનો બગાડ થાય છે તે દૂર કરવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં અનની જળવણી પણ અનિવાર્ય છે. અન્ન વહેંચીને ખાવું તે યજ્ઞ છે.

# વિજ્ઞાન અને કળાનો સમન્વય એટલે સંચાલન





પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

આજે વિશ્વમાં દરેક જગ્યાએ, દરેક ક્ષેત્રમાં આપણને 'સંચાલન ' શબ્દ સંભળાતો જોવા મળે છે. સંચાલન એ સર્વવ્યાપી અને નિરંતર પ્રક્રિયા છે. ઘણી વખત એવું પણ કહેવાયું હોય છે કે અમુક સંસ્થા , ટ્રસ્ટ , કંપની કે ઉધોગના સંચાલનમાં કંઇ કહેવુ ન પડે – કારણ તેની પાછળ જવાબદાર જો કોઇ ફેકટર હોયતો તે છે શ્રેષ્ઠ સંચાલન.

સંચાલન એટલે અન્ય પાસેથી કામ લેવાની કળા to management એટલે સંભાળવું એટલે પણ management. આલ્બર્ટ આઇન્સ્ટાઇન કહે છે કે :

" If you always do what you always did, you will always get what you always got "

ક્ષેત્ર નાનું હોય કે મોટું સંચાલનને અવગણી શકાય નહિ. નાના લારી - ગલ્લાથી માંડી મોટી મોટી ફેકટરીઓ માં સંચાલનની પ્રક્રિયા હાથ ધરાય છે. તો વળી શાળા , કોલેજો , યુનિવર્સિટીઓ થી માંડી તમામ શૈક્ષણિક સંકુલમાં સંચાલન થતું હોય છે સંચાલન માનવીય પ્રવૃતિ છે.

રીતે વિજ્ઞાનને પોતાના સિધ્ધાંતો છે, તે રીતે સંચાલનનાં પણ સિધ્ધાંતો છે. આડેધડ સંચાલન નિષ્ફળતા પરફ દોરી જાય છે. કોઇપણ સંસ્થાને તેના ખરાબ પરિણામો ભોગવવા પડતા હોય છે. નિતિ - નિયમો સિધ્ધાંતો ધ્યાનમાં રાખવામાં આવે છે, સંચાલકને માર્ગદર્શન અને માળખું પૂરું પાડે છે.

તો વળી પ્રશ્નપણ થાય કે એકલા સિધ્ધાંતોથી સંચાલન કરવામાં આવેતો સફળતા મળેજ એમ કહી શકાય ? ના, સિધ્ધાંતોની સાથે સાથે કળા – કૌશલ્ય પણ સંચાલન માટે એટલાં જ જરૂરી છે. કળા – કૌશલ્ય જન્મગત છે તો વળી તાલીમ અને અનુભવથી તેમાં વધારો થાય છે. કોઠાસૂઝ, સાહસી વૃતિ, ધીરજ અને ખંત થી થતું સંચાલન શ્રેષ્ઠ પરિણામ અપાવે છે.

શ્રેષ્ઠ સંચાલનનાં ઉદાહરણો :-

૧. ધીરુભાઇ અંબાણી જેવા ગુજરાતનાં સામાન્ય લાગતા વ્યક્તિએ પોતાની અદ્ભૂત કોઠાસુઝ, સાહસી વૃતિ, ખંત ના લીધે રિલાયન્સ જેવું મહાકાય સાહસ વિશ્વ સમક્ષ ઊભું કરી શ્રેષ્ઠ સંચાલનનું ઉદાહરણ પુરું પાડયું છે. વિજ્ઞાન અને કળાનો સમન્વય કરી બતાવ્યો.

૨. ભારતના અગ્રણી ઉધોગપતિ જમશેદજી રતનજી તાતાએ પણ પોતાની આગવી સૂઝથી સ્ટીલ ઉધોગનું નિર્માણ કર્યુ.

ટૂંકમાં એકલું વિજ્ઞાનકે એકલી કળા સંચાલન માટે પૂરતાંનથી. બંનેનો સમન્વય શ્રેષ્ઠ પરિણામ અપાવે છે. નહિતો ' ભણ્યો પણ ગણ્યો નહિ ' તેવી દશા થાય.

જે રીતે સ્વામિ વિવેકાનંદે કહ્યું હતું કે : Give me hundred Nachiketa , I will change the world, તે રીતે કુશળ સંચાલક વિજ્ઞાન અને કળાના માધ્યમથી પોતાના એકમની કાયાપલટ કરી શકે છે.




# સુરક્ષા અને જીવન
# એક બીજાથી અભિન્ન



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

માનવનું જીવન અનેક અનિશ્ચિતતાઓ અને જોખમોથી ઘેરાયેલું છે. જોખમો અને અનિશ્ચિતતાઓ ને માનવી ટાળી શક્તો નથી પરંતુ હળવા બનાવી શકે. પૂર્વઆયોજન કે તકેદારી માનવને જોખમો સામે રક્ષણ આપે છે. જો કોઇ હોયતો તે છે સુરક્ષાનો.

સુરક્ષા એટલે સ્વરક્ષાથી માંડી કુટુંબ , સમાજ , એકમ અને રાષ્ટ્રનું સારી રીતે રક્ષણ કરવું .

સુરક્ષાનો ખ્યાલ આજકાલનો નથી. આદિમાનવ જં ગલીપશુઓથી પોતાનું રક્ષણ કરવા પથ્થર , અગ્નિનો ઉપયોગ કરતો. આજે જ્યારે માનવ પ્રગતિ કરી રહયો છે ત્યારે સુરક્ષાનો સવાલ વધારે સતાવે છે. માનવજીવન , પશુ સૃષ્ટિ , પર્યાવરણ સૃષ્ટિ સામે સુરક્ષાના મુદ્દે સવાલો ખડા થયા છે. બુધ્ધિશાળી માનવે વિચારવું રહયું કે પોતે જોઇએ તેટલો સુરક્ષિત છે કે કેમ ? આગ લાગે ત્યારે કૂવો ખોદવા ના બેસાય.

**Safety help is best help.**

રીતે ફેકટરીનો , કંપનીનો માલિક પોતાના કારખાના કે કંપનીમાં બનતી વસ્તુની ગુણવતા , જથ્થાની સુરક્ષાનો વિચાર કરે છે તેવીજ રીતે માનવએ પોતાની જિંદગીની સુરક્ષાનો વિચાર કરવો ઘટે.

**Safety is a Mission**

કોઇ ક્ષણિક કાર્ય નથી.

નસીબ બચાવે કોઇકવાર .
સુરક્ષા બચાવે વારંવાર.




સુરક્ષિત જીવન માટે સ્વયંશિસ્ત જરૂરી છે. ડગલે ને પગલે થતાં અકસ્માતોમાં માત્ર પોતાની જ ભૂલ હોય તેવું નથી. બીજાની ભૂલથીપણ અકસ્માત થતા હોય છે.

"જીવન હૈ એક કિંમતી અમાનત,
રખેગે ઇસે સુરક્ષા સે હી સલામત."

જીવનની દરેક અવસ્થામાં સુરક્ષાની જરૂરિયાતને અવગણી શકાય નહિ. સુરક્ષા પાછળ થતો ખર્ચ એ વ્યર્થ નથી પરંતુ કિંમતી રોકાણ છે.

આ આપણે Border area માં રહીએ છીએ છતાં સુરક્ષિત છીએ , તેની પાછળ જવાબદાર પીઠબળ હોયતોતે છે ભારતીય સૈન્ય. તેઓ રાતદિન આપણી સુરક્ષા કરી રહ્યા છે.

સુરક્ષા સપ્તાહની ઊજવણી એ આમ જોઇએતો એક જાગૃતિ અભિયાન છે. Change of life અને change of mind માટે જરૂરી છે. દરેક વ્યક્તિ સુરક્ષાના નિયમો પાળી સુરક્ષાના વિચારને આત્મસાત્ કરેતો ખરા અર્થમાં સુરક્ષા સપ્તાહની ઊજવણી યર્થાથ ઠરે.

માટે જ કહી શકાય કે -

**"Every day is safety day,**
**Safety has no holiday."**

ચાલો સુરક્ષા માટે કટિબધ્ધ બનીએ અને સાથે મળીને કહીએ :

**Safety starts with 'S',**
**but begins with 'US'.**



# સારા નાગરીક

જે.એસ. પાઠક
ઈ. આચાર્ય (પ્રાથમિક વિભાગ)

"વિજ્ઞાને માણસને પંખીની જેમ ઊડતાં શીખવાડયું, માછલીની જેમ તરતાં શીખવાડયું, પણ માણસને માણસની જેમ જીવતાં ન શીખવાડયું."

હાલનાં સમયમાં દરેક જણ એમ ઇચ્છે છે કે મારો બાળક સારા માર્કસ લાવે નવી નવી ટેકનોલોજીનાં સાધનો શીખે, કોમ્પયૂટર શીખે પણ એ ધ્યાન નથી આપતાં કે આની સાથે બાળક એને ભૂલી જાય કે તે એક સારો માણસ બને.

બાળકને પુસ્તકીયા જ્ઞાન સાથે સદ્દગુણો આપવા પણ જરૂરી છે.

૧) ગરીબ પ્રત્યે દયા દાખવોઃ- જો દરેક બાળક પોતાના જન્મદિવસે પાર્ટીમાં કરતા ખર્ચાનો અડધો ભાગ કોઇ બાળકને ભણતરે ઉપયોગી વસ્તુ, કપડા કે એની કોઇ પણ જરૂરીયાતની વસ્તુ આપે તો ગરીબ બાળકની જરૂરીયાત પણ પુરી થશે અને આપણા બાળકને ગરીબોની મદદ કરવાથી સારું પણ લાગશે રોજ રોજ ગમે ત્યારે ગરીબો ને હડધુત ન કરતા તેમની પ્રત્યે દયા રાખવો.

૨) કડવાં વચન ન બોલોઃ- બાળકોને શીખડાવવું જાઇએ કે કોઇ પણ વ્યકિત ઘાયલ થાય અને એને જ ઘા લાગે તે રુજાઇ શકે છે. પણ આપણા દ્વારા બોલાયેલા કડવા શબ્દો કે અપશબ્દો કયારે કોઇ પણ ભૂલી શકતું નથી. માટે હંમેશાં મધુર વચનો બોલવાં જાઇએ.

૩) કોઇની સચ્ચાઇ જાણર્યવિના હસવું મુર્ખતા છેઃ- એક વખત એક પચ્ચીસેક વર્ષનો છોકરો ટ્રેનમા પોતાના પિતા સાથે સફર કરતો હતો ત્યારે તે બારી પાસે બેઠેલો હોવાથી તે ટ્રેનની બારી બહાર ઝાડ,નદી,પર્વત, વગેરે જોઇને નાનાં બાળકની જેમ ખુશ થાય છે તેનાથી ડબ્બાના બધાં વ્યકિતઓ હસે છે એ જોઇને છોકરાના પિતા કહે છે કે મારો છોકરો જન્મથી અંધ હતો તેણે આજે ઓપરેશન કરાવ્યું છે અને આજ જ આ સુંદર દુનિયા જોઇ રહ્યો છે. આ સાંભળી બધાં શરમ અનુભવે છે. કહેવા એમ માંગું છું કે બાળક ભણવા મા હોશિયાર હોય ફકત એજ જરૂરી નથી સાથે સાથે સારા ગુણો પણ જરૂરી છે. સદ્દગુણ આપવા એ મા-પિતા, શિક્ષક એને વડીલોની આ જવાબદારી છે. આવો સૌ બાળકને પુસ્તકીય જ્ઞાન નહી પણ સારા ગુણો વડે સારા બાળક અને ભવિષ્યનો સારા નાગરીક બનાવીએ.



બી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

# શિક્ષકની સાર્થકતા

મને ઘણીવાર એવો વિચાર આવે છે કે
શું મેં મારા વિદ્યાર્થીઓને જીવનમાં
ખૂબ ઉપયોગી એવા પાઠ ભણાવ્યા છે ?

મારા વિદ્યાર્થીઓ ખેડૂત બને,
વ્યાપારી કે ઉદ્યોગવીર બને,
તેઓ નેતા બને કે અભિનેતા બને,
તેઓ પાઈલટ બને કે ગૃહિણી બને :
શું મેં એમને પ્રામાણિકતાનો પાઠ શીખવ્યો છે ખરો ?

ખ્યાતિ કરતાં ચારિત્ર્યનું મૂલ્ય વધારે છે તેવું ?
કે સંપત્તિ કરતાંય
સંસ્કાર વધુ કીમતી છે તેવું શીખવ્યું છે ?

મેં એમને મોટેરાઓનો આદર કરવાનું
અને નબળાનું ઉપરાણું લેવાનું શીખવ્યું છે ?
કે ડર્યા વિના સત્ય અને ન્યાયના પક્ષે
ઉભા રહેવાનું શીખવ્યું છે ?

શું મેં એમને એવું શીખવ્યું છે કે સૌની સાથે
સદ્ભાવ અને મૈત્રીભર્યો વહેવાર કરજો ?
શું મારાં આચરણથી એમને પ્રેરણા મળી હશે ખરી ?

આવું આવું જો મેં એમને શીખવ્યું હોય
તો મારું શિક્ષક હોવું સાર્થક છે.

મારું શીખવેલું બધું જ ભલે ભૂલાઈ જાય,
પછી પણ એમનામાં સાચી માનવતા
ધબકતી રહે તો ભયોભયો !



## જી.એમ.ડી.સી. લિગ્નાઈટ પ્રોજેક્ટ પાન્ધ્રો ખાતે
## ૩૧ ફેબ્રુઆરી - ૨૦૧૭ ના રોજ વયનિવૃત્ત થતા કર્મચારીઓ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી એચ.જી. શેખ | મીકેનીક -૧ |
| ૨. | શ્રી એસ.એમ. સોલંકી | મીકેનીક -૨ |
| ૩. | શ્રીમતી કે.યુ. પ્રેસીઅમ્મા | પ્રાથમિક શિક્ષક |
| ૪. | શ્રીમતી સારાબાઈ અબ્દુલા સુમરા | એમ.આર.ડબ્લ્યુ. |